STD: 8 : ગુજરાતી 23/40

## જવાબો

પ્ર.1(અ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો (ગમે તે ચાર) (08)

1 જુમો અને વેણુ દિવસ દરમ્યાન શું કરતા હતા?

જવાબ જુમો વેણુની પીઠ ઉપર મોટી મોટી મશક ભરીને સવારના ચાર વાગ્યે નીકળતો. વેણુની ઘંટડી રણકતી અને જુમો એકાદ ગઝલ કે ગીત લલકારતો ચાલ્યો જતો હોય. બારણે બારણે પાણી ભરી દીધા પછી શેઠ અને નોકર પાછા વળતા. જુમો એક પૈસાના ગાજર કે બહુ તો શક્કરિયાં કે ભાજી પોતાના શાક માટે અને વેણુ માટે ગદબ ખરીદી લેતો. ઘેર પહોંચી બપોરથી માંડી છેક સાંજ સુધી તે હોકો ગગડાવ્યા કરતો. હોકાના સંગીતમાં લીન થતો હોય તેમ વેણુ કાન ફફડાવતો. આંખ મીંચીને ઊંઘતો હોય કે જાગતો હોય. શેઠ અને નોકર એકબીજાને નિહાળ્યા કરતા.

2 વિશળદેવ કઈ આપત્તિથી ચિંતાતુર હતા?

જવાબ વિશળદેવે ગરીબો માટે અનાજના કોઠાર અને ધનના ભંડાર ખુલ્લાં મૂકી દીધાં હતાં, પણ આ વર્ષેય દુષ્કાળ પડ્યો. અધૂરામાં પૂરું ખેતરો પર તીડ ત્રાટક્યાં. રાજના ધનના ભંડાર અને અનાજના કોઠાર ખાલી થઈ ગયા. હવે પ્રજાના પેટનો ખાડો પૂરવા એમની પાસે કોઈ બચ્યું નહિ. આ આપત્તિથી વિશળદેવ ચિંતાતુર હતા.

3 કુંવરનું મૃત્યુ શી રીતે થયું?

જવાબ ઘેરૈયાના ગાંડા ટોળાથી બચવા અને ઘેરૈયાને પોતાનાથી દૂર રાખવા મુસાફરે બગલમાં દબાવેલ મ્યાન સાથેની તલવાર વીંઝવા માંડી. એ ધમાચકડીથી ધૂળની ડમરી ઊડવા માંડી. આથી મહેમાન મુસાફર કાંઈ જોઈ શકતા નહોતા. શીડિયારમણ, ચસકા, કાલાવાલા, તલવારના ઝાટકા અને ધૂળની આંધીનો કોઈ અનોખો મામલો જામી પડ્યો. એવામાં કમનસીબે મુસાફરની તલવારની ધાર અચાનક કુંવરને વાગતાં તે ધબ દઈને પડ્યા અને મૃત્યુ પામ્યા.

4 ગાંધીનગરના માર્ગો શી વિશેષતા ધરાવે છે?

જવાબ ગાંધીનગરના રસ્તા પહોળા અને સ્વચ્છ છે. આ શહેર કુલ 30 સેક્ટરમાં વિભાજિત થયેલું છે. આમાં 'ક' થી 'જ' સુધી કક્કાવારી પ્રમાણે સાત આડા મુખ્ય માર્ગો અને 0-1-2-3 એ અંકો પ્રમાણે ઊભા કુલ 8 માર્ગો છે. ચારે બાજુ વૃક્ષો ગાંધીનગરની શોભા વધારી રહ્યાં છે. આ માર્ગોને હવે મહાનુભાવોના નામ સાથે જોડવામાં આવેલ છે.

5 લેખક જમનાજીને સ્વચ્છ ન રાખનાર લોકો માટે શું કહે છે?
જવાબ લેખકે મથુરાના તીર્થસ્થાનોમાં ચારે બાજુ ગંદકી જોઈ. લેખક ત્યાંના લોકો વિશે કહે છે કે તેઓ જમના નદીને ખૂબ જ પૂજ્ય માને છે, પણ તેઓ ત્યાં જરાય સ્વચ્છતા રાખતા નથી. તેઓ "જમના મૈયા કી કૃપા સે" બોલે છે, પણ તેમના આચરણમાં એક બ્રહ્મનિષ્ઠા દેખાતી નથી કે પ્રકૃતિના સૌંદર્યની પ્રતીતિ થતી નથી.

(બ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો (08)

1 વેણુનો બચાવ શક્ય ન લાગતાં ફુઓ શો નિર્ણય કરે છે?
જવાબ વેણુનો બચાવ શક્ય ન લાગતાં ફુઓ વેણુની ગોદમાં ભરાઈ જઈને વેણુની સાથે મરી જવાનો નિર્ણય કરે છે.

2 માની મમતાને ન પામી શકનાર માટે કવિ કયો શબ્દ વાપરે છે?
જવાબ માની મમતાને ન પામી શકનાર માટે કવિ 'અભાગી' શબ્દ વાપરે છે.

3 કવિ 'ઉપરવાળી બેંક' કોને ગણાવે છે?
જવાબ કવિ 'ઉપરવાળી બેંક' ઈશ્વરને ગણાવે છે.

4 રાજા રાજ્યની પ્રજાને બચાવવા કોનો સહારો લે છે?
જવાબ રાજા રાજ્યની પ્રજાને બચાવવા કચ્છના શાહ સોદાગર જગડુશાનો સહારો લે છે.

5 વાવડિયાને કેવી રીતે શણગાર્યું છે?
જવાબ વાવડિયા પર હીરલા જડીને મોતીની સેર બાંધીને શણગાર્યું છે.

6 ગામડાની ધુળેટીમાં ઘેરૈયાઓને શેનાથી રંગવામાં આવે છે?
જવાબ ગામડાની ધુળેટીમાં ઘેરૈયાઓને ગારો, માટી અને છાણ જેવી ગંદી વસ્તુઓથી રંગવામાં આવે છે.

7 લેખકને અડધી આનાની જરૂર શા માટે હતી?
જવાબ લેખકને અડધી આનાની જરૂર પુસ્તક ખરીદવા માટે હતી.

8 ઝવેરચંદ મેઘાણીને ગાંધીજીએ કયું બિરુદ આપ્યું હતું?
જવાબ ઝવેરચંદ મેઘાણીને ગાંધીજીએ 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું હતું.

પ્ર-૨(અ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો (ગમે તે ચાર) (૦૪)

1 કવિ પોતાની મહેનત એળે ગઈ એમ શા માટે કહે છે?

જવાબ કવિએ પોતાનું જીવન અનેક પ્રકારના નિરર્થક કામો કરવામાં ખરચી નાખ્યું, પણ જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ થયો નહિ. આથી કવિ પોતાની મહેનત એળે ગઈ એમ કહે છે.

2 પરકમ્મા કોની કોની કરવામાં આવે છે? શા માટે?

જવાબ પરકમ્મા મંદિરની, તીર્થસ્થાનની, નદીની તથા ગાયની કરવામાં આવે છે. મંદિરમાં અને તીર્થસ્થાનમાં પરમાત્માની મૂર્તિ હોય છે. નદી પવિત્ર ગણાય છે ગાયને માતા ગણવામાં આવે છે એટલે એ સૌની પરકમ્મા કરવાથી મન પવિત્ર બને છે. હૃદયમાં શાંતિ થાય છે. આપણા સંકલ્પો કે મનોકામના પૂરી થાય છે.

3 કવિ પાસે શું નથી? એની એમના મન પર શી અસર છે?

જવાબ કવિ પાસે થોડા સિક્કા અને થોડી ચલણી નોટો નથી, છતાં એની કવિ પર કોઈ માઠી અસર થતી નથી. પાસે પૈસા ન હોવાથી પોતાનું કોઈ બગડી ગયું હોય કે પોતાને કોઈ ખોટ પડી હોય તેવું કવિને લાગતું નથી.

4 વીરનું અને બળદોનું કલ્યાણ થાય તે માટે શું કરવામાં આવ્યું છે?

જવાબ વીરનું અને બળદોનું કલ્યાણ થાય એ માટે વીરના લલાટે કુંકુમનો ચાંદલો કરવામાં આવ્યો છે અને એના બળદોની ડોકે રાખડી બાંધવામાં આવી છે.

5 કવિ માતાની મમતા ક્યા ક્યા પ્રસંગે અનુભવે છે?

જવાબ જ્યારે કવિના જીવનમાં સંકટ કે મુશ્કેલીઓ આવે છે. સગાંસંબંધીઓ કે મિત્રો એમને હડસેલે, તેમની ઉપેક્ષા કરે, તેમને ધિક્કારે એક તરફ ફેંકી દે છે ત્યારે કેવળ એમની માની મમતા જ એમને ટેકો આપે છે.

(બ) નીચેના પ્રશ્નો માટે સાચો વિકલ્પ શોધી જવાબ લખો (08)

1 કવિ ઈશ્વર પાસે શું માગે છે?
→ (B) ચિનગારી

2 જુમો વેણુને ખવરાવવા રોજ શું ખરીદતો હતો?
→ (A) ગાદબ

3 બાળકનું દુઃખ લઈ લેવાના ભાવથી માતા શું કરે છે?
→ (C) ઓવારણાં લે છે.

4 કોઈ પણ રાજ્યનું વડુંમથક ક્યા નામે ઓળખાય છે?
→ (A) પાટનગર

5 કવિ કેવા મારગે ચાલવાનું કહે છે?
→ (B) ધૂળિયે

6 લેખમાં અનાજ કોની માલિકીનું બતાવાયું હતુ
→ (B) દેશની પ્રજા

7 ખેડૂત ઘોરીડાને તૈયાર કરે છે, કારણ કે ----
→ (A) વરસાદ આવવાની તૈયારી છે.

8 લેખકે અઢી આના ક્યારે પરત કર્યાં?
→ (C) એક માસ પછી

પ્ર-3(અ) નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો (04)

દોરીની ડોકે બાંધી રાખડી રે લોલ!
વીરને લલાટ કુમકુમ ચાંદલો જો;
વાવી ભરું ને વાવ્યા બાજરા રે લોલ!
ધરતીએ ઓઢ્યાં લીલાં ચીર જો;

(બ) ટૂંકનોંધ લખો (ગમે તે એક) (04)

(1) વિધાનસભા

વિધાનસભાનું બીજુનામ ધારાસભા- ધારો એટલે કાયદો - અધ્યક્ષની બેઠક ઊંચે - સામે નીચેના ભાગમાં રાજ્યના ચૂંટાયેલા વિધાનસભ્યો તથા મંત્રીઓ બેસે - ગેલેરીમાં મુલાકાતીઓની બેસવાની વ્યવસ્થા - ગૃહની કાર્યવાહી જોઈ શકે - બંને પક્ષના સભ્યો માનનીય અધ્યક્ષને સંબોધીને મતવિસ્તારના પ્રશ્નો રજૂ કરે - મંત્રીઓ પાસે તેના જવાબો મેળવે.

(2) મેહોદરખાનની ઉદારતા

મેહોદરખાનનો આઠ વર્ષનો દીકરો- સાત ખોટનો દીકરો ચારણથી મરાયો - સમાચાર જાણી શેઝડી, ઘોડી અને તલવાર લઈ તેની પાછળ ગયા- ચારણે પોતાની જ તલવાર પોતાના ગળે મૂકી- મેહોદરખાને રોકી પૂછપરછ કરી - ચારણે સાચી વાતની જાણ કરી વાત જાણતા મેહોદરખાને ઘોડી આપી ભાગવા કહ્યુ પણ ચારણ તેમનું નામ પૂછે છે - નામ ખુદાનુ એમ કહી ચારણને બાપડે ઝાલી શેઝડી પર બેસાડ્યો ગામ લોકો આવતા મેહોદરખાન જૂઠું બોલ્યા- 'સાળો લોકડો આદમી! મને જીતવા ન દીધો - મારો દીકરો દેવગતિએ મર્યો એ ખુદાતાલાની મરજી- હવે બેટાની મૈયત કાઢીએ.

(ક) યોગ્ય જોડકાં જોડો (04)

| (અ) | | (બ) જવાબ |
|---|---|---|
| (1) ધૂળિયે મારગ | - | મકરન્દ દવે |
| (2) અહીંઆના | - | સ્વામી સચ્ચિદાનંદ |
| (3) તને ઓળખું છું મા | - | મનોહર ત્રિવેદી |
| (4) જુમો ભિસ્તી | - | ધૂમકેતુ |

(ડ) નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો (04)

વૃક્ષો અન્યના સુખને માટે - - - - - - -
- - - - - - - પોતાનું જીવન સાર્થક કરે છે.

1 પરોપકારી મનુષ્યો કોના જેવા હોય છે?
જવાબ પરોપકારી મનુષ્યો વૃક્ષો જેવા હોય છે.

2 સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે?
જવાબ સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે
શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે
સોનુ જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે

3 'કાગડા - કૂતરાનું જીવન' કોને કહેવાય?
જવાબ જીવવા ખાતર જીવવું એને 'કાગડા - કૂતરાનું જીવન' કહેવાય.

4 કોનું જીવન નિરર્થક છે?
જવાબ જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે.

પ્ર-4 સૂચના પ્રમાણે લખો

(1) સમાનાર્થી શબ્દ લખો. (02)

1 કાયા - દેહ, તન, શરીર

2 મહેમાન - અતિથિ, પરોણો

(2) વિરોધી શબ્દ લખો (02)

1 વ્યવસ્થા X અવ્યવસ્થા

2 અભાગી X સુભાગી, સદ્ભાગી

(3) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો (02)

1 રાજ્યના કાયદા ઘડનારી સભા - ધારાસભા, વિધાનસભા

2 પાણી ભરવાનું ચામડાનું સાધન - મશક

(4) રૂઢિપ્રયોગનો અર્થ આપો (02)

1 આંકડા માંડવા - ગણતરી કરવી

2 તડકા- છાંયડા જોવા- સુખ- દુઃખમાંથી પસાર થવું

(5) (1) સંધિ જોડો (02)

સૂર્ય + અસ્ત = સૂર્યાસ્ત

(2) સંધિ છોડો

રવીન્દ્ર = રવિ + ઇન્દ્ર

(6) વાક્યના પ્રકાર ઓળખાવો (02)

1 જુમો લોકો પાસે બૂમો પડાવે છે - પ્રેરક વાક્ય

2 મહાનલે એક ચિનગારી આપી - કર્તરિપ્રયોગ

(7) (1) ધ્વનિ છોડો. (02)

ગામડું - ગ્ + આ + મ્ + અ + ડ્ + ઉ

(2) ધ્વનિ જોડો.

અ + અ + ર્ + અ + સ્ + ઈ = અરસી

(8) અલંકાર ઓળખાવો. (02)

1 સંસાર - સાગર તરવો વસમો છે. - રૂપક અલંકાર

2 કામિની કોકિલા કેલી કૂજન કરે. - વર્ણાનુપ્રાસ અલંકાર

પ્ર-5(અ) કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (10)

1 એક નદીની આત્મકથા

પ્રસ્તાવના - જન્મ - બાલ્યાવસ્થા - મેદાન અવસ્થા - ઉપયોગિતા - સંહારક અસર - ઉપસંહાર

2 વર્ષાઋતુ

પ્રસ્તાવના - વરસાદનું દૃશ્ય - વર્ષાના આગમન પછીનું વાતાવરણ - વર્ષાઋતુમાં આવતા તહેવારો - અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ - બીમારી - ઉપસંહાર

3 દિવાળી

પ્રસ્તાવના - દિવાળીની પૂર્વ તૈયારી - દિવાળીના મુખ્ય પાંચ દિવસોનું મહત્વ અને ઉજવણી - ઉપસંહાર

(બ) અહેવાલ લેખન કરો (06)

તમારી શાળામાં સ્વયં શિક્ષણદિન ઉજવાઈ ગયો તેનો અહેવાલ તૈયાર કરો.

5 મી સપ્ટેમ્બરે સ્વયંશિક્ષણદિન ઉજવાયો - તે દિવસનું શાળાનું સમગ્ર સંચાલન - વિદ્યાર્થીઓએ ભાગ લીધો - વિદ્યાર્થી આચાર્યની ભૂમિકામાં અને શિક્ષકની ભૂમિકામાં - વિદ્યાર્થી દ્વારા તે દિવસનું સમયપત્રકનું પૂર્વ આયોજન - વિદ્યાર્થી પટાવાળા દ્વારા ઓફિસ અને વર્ગખંડોની સફાઈ - સમયપત્રક પ્રમાણે તાસ બદલાયા - છ તાસ પૂરા થયા બાદ પ્રાર્થના ખંડમાં એકત્ર થયા - વિદ્યાર્થી શિક્ષકોએ અવનવા અનુભવો વર્ણવ્યા - વિદ્યાર્થી જે આચાર્ય બનેલ તેમણે સુંદર વક્તવ્ય આપ્યું - દરેકને અભિનંદન પાઠવ્યા - વિદાય લીધી

પરમાર કમલેશકુમાર.સી
શ્રી. ન. પટેલ ઉચ્ચ.મા. વિભાગ
મો. નં - 9265751595